# રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૨૬ કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ લોકોનાં મોત થયા : અત્યાર સુધીમાં ૩૨૧૩ લોકોના મૃત્યુ થયા,૯૪૦૧૦ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૮૭ લોકો વેન્ટીલેટર ઉપર છે

ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં ૨૪ કલાકમાં ૬૮૮૨૮ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૧૩૨૬ પોઝિટિવ દર્દી નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કોરોના સંક્રમિત ૧૧૩૬૬૨ નોંધાયા છે. આજે ૧૫ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૩૨૧૩ થયો છે. રાજ્યમાં આજે ૧૨૦૫ દર્દી સાજા થયા આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૯૪ હજારને પાર થઈ ૯૪૦૧૦ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૧૬૪૩૯ એક્ટિવ કેસ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬૩૫૨ સ્ટેબલ છે. રાજ્યમાં સતત કોરોનાના કેસ વધતા જાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૨૮૮૮૧૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આજની સ્થિતિએ ૭૪૨૯૬૮ વ્યક્તિ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૭૪૨૪૬૦ વ્યક્તિ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૫૦૮ ફેસીલીટી ક્વોરોન્ટાઈન છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૨.૭૧ ટકા છે. રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૫ દર્દીના દુઃખદ મોત થયા છે.

અમદાવાદ શહેરમાં ૪, સુરત જિલ્લામાં ૪ અને શહેરમાં ૨, ભરુચ, ભાવનગર, રાજકોટ શહેર, વડોદરા શહેર અને જિલ્લામાં ૧-૧ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૧ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૭૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૩૭૨૫ થયો છે. આજે અમદાવાદમાં કોરોનાને લીધે વધુ ૪ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૭૫૯ થયો છે. સુરત શહેરમાં ૧૭૫ અને જિલ્લામાં ૧૦૬ સાથે ૨૮૧ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૨૪ હજારને પાર થઈ ૨૪૨૬૬ થયો છે.

આજે ૬ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૯૮ થયો છે. વડોદરા શહેરમાં ૮૫ અને જિલ્લામાં ૩૯ સાથે ૧૨૪ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૯૮૧૮ થયો છે. આજે ૨ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૧ થયો છે. રાજકોટ શહેરમાં ૯૯ અને જિલ્લામાં ૫૨ સાથે ૧૫૧ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૬૬૯૭ થયો છે. આજે ૧ મોત ૧૧૨ મોત થયા છે. જામનગર શહેર ૯૯ અને જિલ્લામાં ૨૧ સાથે ૧૨૦ કોરોના કેસ નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૪૧૬૮ થયો છે.




# મહિલા કલ્યાણ યોજનામાં મહિલાને વ્યાજ વગરની લોન

## મહિલાઓને આત્મનિર્ભર બનાવવા સરકારની પહેલ : ગુજરાત સરકારે ૧૭૫ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે : ૧૦ લાખથી વધુ મહિલાઓને લાભ મળશે

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતની મહિલાઓ માટે એક સારા સમાચાર છે. ગુજરાતની મહિલાઓ સશક્ત, આત્મનિર્ભર બને તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહિલા કલ્યાણ યોજના શરૂ કરી છે. જે માટે ગુજરાત સરકારે ૧૭૫ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત ૧૦ લાખથી વધુ મહિલાઓને વગર વ્યાજની લોન આપવામાં આવશે. આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની મહિલા શક્તિ આગળ આવશે. વડાપ્રાધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે ૧૭ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની રાજ્યની માતૃશક્તિને ભેટ આપવામાં આવશે. આ નિર્ણયથી કોરોના પછીની બદલાયેલી આર્થિક સામાજિક જીવનશૈલીમાં મહિલા માટે આત્મનિર્ભરતાનો નવો માર્ગ ખુલશે.

રાજ્યના ૧ લાખ મહિલા જૂથની કુલ ૧૦ લાખ માતા-બહેનોને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો લાભ મળશે. કુલ ૧૦૦૦ કરોડ સુધીનું ધિરાણ મહિલા જૂથોને અપાશે. બેંક લોનનું વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે. આ લોન માટે જરૂરી સ્ટેમ્પ ડ્યુટીમાં માફી અપાશે. મહિલા જૂથ દીઠ રૂ. ૧ લાખનું લોન-ધિરાણ સરકારી, સહકારી, ખાનગી બેંકો, આરબીઆઈ માન્ય ધિરાણ સંસ્થાઓમાંથી મળશે. રાજ્ય સરકાર બેંક્રો સાથે ટૂંક સમયમાં યોજનામાં જોડાવા અંગેના એમઓયુ કરશે. ૧૦ મહિલાઓ-બહેનોના એક જૂથ એમ ૧ લાખ જૂથ બનાવાશે. પ્રત્યેક જૂથને એક લાખનું લોન ધિરાણ મળશે. પ્રત્યેક માતા-બહેનોને પોતાનો વ્યવસાય, ગૃહ ઉદ્યોગ, વેપાર શરૂ કરવા વગર વ્યાજે લોન ધિરાણ મળી રહેશે. કોરોના પછીની કથળેલી આર્થિક સ્થિતિમાં મહિલાઓને ઘર પરિવારનો આર્થિક આધાર બનવા નાના માણસની મોટી લોનને સાકાર કરવાનો આ હેતુ છે.

## ખૂણેખાંચરેથી

- સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંગેની પ્રાથમિક તૈયારીઓ જેવી કે મતદારયાદી, મતદાન મથક વિગેરેની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિકનગર કલોલ ખાતે ગુજરાત સમાચાર દૈનિકના પત્રકાર જીતેન્દ્ર પરમારનું આજે દુઃખદ અવસાન થતાં પત્રકાર જગતમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં રવિવારની સવાર સુધીમાં સિઝનનો ૧૧૨ ટકા વરસાદ નોંધાયો છે.
- રાજ્યના ૮ આઈપીએસ અધિકારીઓ તાલિમ પૂર્ણ કરી આવતાં તેમને નિમણુંક આપવાના તથા ૧૫ જેટલા વર્ગ-૧ના આઈ.પી.એસ. અધિકારીઓની બદલીના હુકમો ગૃહ વિભાગે જારી કર્યા છે.
- આર્થિક ગણતરીમાં સહયોગ નહિ આપનારાઓ સામે દંડનીય કાર્યવાહીની ચીમકી જિલ્લાતંત્ર દ્વારા આપવામાં આવી છે.
- ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે બહારથી આવી રહેલા નાગરિકોનું સ્ક્રીનીંગ કોરોનાને લઈ શરૂ કરવામાં આવ્યુ છે. રોજના ૩૦૦થી વધુ નાગરિકોનું સ્ક્રીનીંગ અહિ થાય છે.
- ગાંધીનગરમાં ડહોળા પાણીની સમસ્યા અને પુરા ફોર્સથી પાણી નહિ આવતુ હોવાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠી છે.

# અડાલજ હોટલ ક્રિતિકા ખાતેથી જુગારધામ ઝડપાયું

ગાંધીનગર, તા.૧૩

અડાલજ વિસ્તારમાં આવેલી હોટલ ક્રિતિકા પર રેડ પાડી સ્ટેટ મોનીટરીંગ સેલે જુગારધામ ઝડપી પાડયુ છે. પોલીસે હોટલ માલિક, સંચાલક અને ૬ શકુની સહિત ૮ શખ્સોને ઝડપી પાડયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ. ૪૫,૩૦૦, ૯ મોબાઈલ ફોન કિંમત રૂ. ૩૩,૫૦૦, ૩ એકટીવા અને બે બાઈક મળી કુલ રૂ. ૧.૧૫ લાખના વાહનો, ૧૩ ખુરશીઓ સહિત મળી કુલ ૧,૯૭,૧૫૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્ટેટ મોનીટરીંગ સેલે જુગારધામ ઝડપી પાડતા સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ હોય તેમ લાગી રહ્યું છે.



બનાવની મળતી વિગત મુજબ અડાલજ વિસ્તારમાં આવેલી હોટલ ક્રિતિકામાં છેલ્લા ૨૦ દિવસથી રોજના ૩ હજાર લેખે જુગારની હાટડી મંડાઈ હતી ત્યારે સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ આઈ.ડી. વાઘેલાને જુગાર અંગે બાતમી મળી હતી જેથી તેઓએ સ્ટાફ અને એસઆરપી જવાનો સાથે રાત્રીના સમયે હોટલ પર રેડ પાડી હતી. હોટલના રૂમ નં. ૧૦૫માં ટેબલ પર જુગાર રમતા શકુનીઓ મળી આવ્યા હતા. જેમાં જુગારધામનો સંચાલક નરેશ ઉર્ફે સાંઈરામ પરષોત્તમભાઈ આદુઝા (ઉ.વ. ૫૯, ઈ-૧૦૩, વંદેમાતરમ સીટી, ગોતા) અને જુગાર રમવા આવેલા અબુલ હસન મુનીર અહેમદ અંસારી (ઉ. ૫૨ પુજારીની ચાલી ગોમતીપુર), અરવિંદ બાંકેલાલ બધેલ (ઉ.વ. ૪૩, ગોકુલચંદ કસ્તુરચંદની નવી ચાલી, અસારવા) આનંદ યોગેશ ભટ્ટ (ઉ.વ. ૪૧, ડોશીવાળાની પોળ કાલુપુર), હિતેન્દ્ર નાથાલાલ મકવાણા (ઉ.વ. ૫૭, ગણપત સો. શાહીબાગ), ગીરીશ બાબુભાઈ

# અમદાવાદ સીટીએમ પાસેથી એક કરોડનું ડ્રગ્સ ઝડપાયું

રવિવારે વહેલી સવારે અમદાવાદના સીટીએમ ક્રોસ રોડ નજીક ૧ કરોડની કિંમતનું ૧ કિલો એમડી ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં એક પોલીસકર્મી સાથે અન્ય ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, કોઈને શંકા ન થાય તે માટે ડ્રગના વેપારીઓ ડ્રગ્સની ડિલિવરી માટે એક પોલીસકર્મીનો ઉપયોગ કરતા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે, ડ્રગ કન્સાઈનમેન્ટ લેવા માટે આવેલા અન્ય ચાર શખ્સો સાથે અમે પોલીસની પણ ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોના જણાવ્યા અનુસાર બે આરોપીઓ જુના ડ્રગ માફિયા છે અને તાજેતરમાં પેરોલ પર જેલની બહાર આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચના અધિકારીએ જણાવ્યું હતું કે તેઓ પેરોલ બહાર આવીને ફરીથી ગેરકાયદેસર ડ્રગના વ્યવસાયમાં જોડાઈ ગયા હતા. સાંચોરમાંથી ત્રણ અને ગુજરાતના સિદ્ધપુરમાંથી એકને સિદ્ધપુર ડ્રગ કન્સાઈનમેન્ટ સાથે પકડ્યા બાદ સિટી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ બીજીવાર આટલી કિંમતનું એમડી ડ્રગ્સ કબજે કરવામાં આવ્યું છે. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે, આરોપીઓની પ્રાથમિક પૂછપરછ ચાલી રહી હતી ત્યારે તેઓને શંકા હતી કે રવિવારે સવારે જપ્ત કરાયેલા ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ મુંબઈથી આવ્યું હતું. અમદાવાદમાં એક વર્ષ પહેલા ક્રાઈમ બ્રાન્ચે ૧.૪ કિલો એમડી ડ્રગ્સ સાથે બે આરોપીઓની ધરપકડ કરી હતી. ઢાલગરવાડમાં રહેતા પિતા-પુત્ર મુંબઈ અને ગોવાથી ડ્રગ્સ મંગાવી વેચાણ કરતા હતા હોવાનું સામે આવ્યું હતું. પુત્ર મુંબઈમાંથી ડ્રગ્સ મંગાવતો હતો.



## ડભોડા પ્રાથમિક કુમાર શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે પ્રાથમિક કુમાર શાળા (તાલુકા પ્રા.શાળા)ના પટાંગણમાં સુંદર વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ડભોડા ગામના નિવૃત શિક્ષકો, આચાર્ય તેમજ હાલમાં શાળાના તમામ શિક્ષકગણ જોડાયા હતા. શાળાના પટાંગણમાં સારી રીતે વૃક્ષોનો ઉછેર અને સારી રીતે બાળ છોડ વિકસી શકે તેવા પ્રયાસો થકી વૃક્ષો વાવીને જુદા જુદા વૃક્ષો અને ફૂલછોડ રોપી વૃક્ષોને ઉછેર કરવાની જવાબદારીરૂપે સંકલ્પ લીધા હતા. હાલમાં કુદરતી રીતે સારા વરસાદી માહોલમાં કુમળા છોડ ખૂબજ સારી રીતે ઉછેર થાય તેવી અનુકૂળતાથી વૃક્ષપ્રેમી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમને પ્રાધાન્ય આપ્યુ હતુ. આ કાર્યક્રમમાં પૂર્વ આચાર્ય જીવણભાઈ રાયકા, ભીખાભાઈ, મીઠાભાઈ તથા પ્રતાપભાઈ ખાંટ, અલકાબેન, શિલ્પાબેન, મીનાબેન તથા શિક્ષકગણની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાતાં શાળાનું પટાંગણ નંદનવન અને હરિયાળુ બનશે તેવો વિશ્વાસનો સુર વ્યક્ત કર્યો હતો.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

થવા પામે તે જોવાની પવિત્ર ફરજ સરકારની છે. સો ગુનેગાર છૂટી જાયતો ભલે પરંતુ એક નિર્દોષ વ્યક્તિને સજા ના થવી જોઈએ. તેવા કાયદાના પ્રસ્થાપિત નિયમોનો ભંગ ના થાય તે સૂત્ર મુજબ પોલીસ કામગીરી કરશે તો જનતા ખરા અર્થમાં ગુંડારાજમાંથી મુક્ત થશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

વખત આવ્યો ત્યારે જ સુપ્રીમનો નિર્ણય આવ્યો અને અગાઉ જેમણે આ અનામતનો લાભ લીધો છે એમને એની અસરથી મુક્ત રખાયા હોવાથી આવા અન્યાયી વલણને ટાળવા માટે શરદ પવારે તો રાજ્ય સરકાર સમક્ષ વટહુકમ લાવવાનો વિકલ્પ ખુલ્લો હોવાની સલાહ આપી છે અથવા તો ઉપરોક્ત ચુકાદાની સમીક્ષા માટે સુપ્રીમમાં અરજી કરવી જોઈએ. ઈન્દ્રા સાહની કેસમાં અઢી દાયકા પહેલાંના સુપ્રીમના ચુકાદા પછી સ્થિતિ ઘણી બદલાઈ હોવાથી એ અંગે નવેસરથી વિચાર કરવાની જરૂર પણ છે. વળી, બંધારણમાં સુધારો કરીને ૬૦% અનામત કરવામાં આવે છે ત્યારે ૫૦%ની મર્યાદાનો લોપ થાય છે. દેશમાં સંસદને, બંધારણના મૂળ સ્વરૂપમાં ફેરફાર કર્યા સિવાય (કેશવાનંદ ભારતી કેસના ચુકાદા મુજબ), બંધારણ સુધારા કરવાની સત્તા સંસદ કને છે. સુપ્રીમને તો આવા સુધારાનું અર્થઘટન કરવાની જ સત્તા છે. અત્યારના સંજોગોમાં અનામત-અનામતના રાજકીય ખેલ વચ્ચે અનામતની ટકાવારી ૫૦%ને વટી ગયાનું લગભગ મોટાભાગનાં રાજ્યોમાં થયું છે. હજુ ખાનગી ક્ષેત્રમાં પણ અનામત દાખલ કરવાનું ગાજર તો લટકાવાઈ રહ્યું છે. આંધ્રમાં ૬૬ %, અરુણાચલ પ્રદેશમાં ૮૦%, ગુજરાતમાં ૫૯% અને બીજાં દક્ષિણનાં રાજ્યોમાં પણ ૮૦% થી વધુ અનામતની ટકાવારી છે. એક બાજુ, અનામતની કાખઘોડી ફગાવી દેવાની વાતો કરવામાં આવે છે અને બીજી બાજુ, અનામતની ટકાવારી વધાર્યે જવાય છે. ઈન્દ્રા સાહની ચુકાદામાં ઘૂસાડવામાં આવેલા “ક્રીમી લેયર”ના પરિબળ છતાં ઓબીસી અનામતનો લાભ મહિને ૬૬,૦૦૦થી ૮૦,૦૦૦ રૂપિયાની કમાણી કરનારાઓને મળવાની જોગવાઈ વર્તમાન કેન્દ્ર સરકાર કરી આપે છે ત્યારે પ્રશ્ન એ તો થવાનો જ કે મહિને માંડ બે-પાંચ હજાર રૂપિયા કમાનારાઓનાં સંતાનોનોને આ અનામતનો લાભ ક્યારે મળશે? વિચારવા જેવો પ્રશ્ન તો છે જ. સમૃદ્ધોને જ અનામતની લહાણી કરવાની હોય ત્યારે પ્રજાના ભોળપણનો લાભ તમામ રાજકીય પક્ષો કઈ રીતે લે છે એનું ચિંતન અને ઈલાજ કરવાની જરૂર ખરી.

haridesai@gmail.com

### ૧૦૦૦ને પાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે સિવિલમાં ખસેડવામાં આવેલ છે. આ ઉપરાંત કાયદા વિભાગમાં પટાવાળાની ફરજો બજાવતા અને સે. ૧૯ માં રહેતા ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા અને સે. ૮ માં રહેતા ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી એક ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં રહેતા અને પોલીસભવનમાં એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા ૪૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬ માંથી પણ ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. એચ.ડી.એફ.સી. બેંકની વડોદરા શાખામાં ફરજો બજાવતા અને સે. ૫ માં રહેતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૫ માંથી એક ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સેક્ટર-૧૭ માં રહેતા અને રાજ્યના આરોગ્ય વિભાગમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં નોંધાયેલા કેસોમાંથી આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૮૦૦ થી વધુ દર્દી કોરોનામુક્ત થયા છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પરંતુ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં હાલ ૧૭૫ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

### આઈસોલેશન પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા અર્બન અને હવે દહેગામ અર્બનમાં પણ કેસોની સંખ્યા વધી રહી છે જે ખુબ જ ચિંતાજનક છે. ગાંધીનગર તાલુકામાં ડભોડામાંથી આજે વધુ એક ખેડૂત જે ૬૬ વર્ષીય છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોલવડામાંથી ૨૬ વર્ષીય યુવાન આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી ૩૦ વર્ષીય જવાન ૩૭ વર્ષીય જવાન અને ૨૬ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૫૮ વર્ષીય પુરૂષ, ૩૬ વર્ષીય પુરૂષ ઉપરાંત અડાલજમાંથી ૩૫ વર્ષીય મહિલા, ભાટમાંથી ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોરોના માટે હોટસ્પોટ બનેલા કુડાસણમાંથી એક જ પરિવારમાંથી આજે ૭૧ વર્ષીય ગૃહીણી, ૩૦ વર્ષીય યુવાન, ૬૨ વર્ષીય પુરૂષ અને ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દહેગામ તાલુકામાંથી આજે એક જ દિવસમાં પાંચ કેસ આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને દહેગામ અર્બન વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ઓતમપુરા ગામેથી વધુ એક કેસ મળ્યો છે. આ ગામેથી આજે ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ અર્બન વિસ્તારમાંથી ૪ કેસ મળ્યા છે જેમાં ૩ મહિલા દર્દીઓ છે. મળતી વિગતો પ્રમાણે ૮૦ વર્ષીય વૃદ્ધા, ૫૨ વર્ષીય મહિલા, ૬૫ વર્ષીય મહિલા અને ૩૦ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા અર્બનમાંથી બે અને ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળ્યા છે. માણસા અર્બનમાંથી ૪૪ વર્ષીય પુરૂષ, ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે. આ ઉપરાંત લોદરા ગામેથી ૪૬ વર્ષીય ગૃહીણી જે તેડાગરનું કામ કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પ્રતાપનગર ગામેથી પણ ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૪૩ વર્ષીય પુરૂષ અને ૩૪ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫૭૯ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં હાલ ૧૮૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૮,૬૮૫ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### હાશકારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અંગે કીશોર ક્લાસીસના વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતના જણાવ્યા મુજબ સૌ પ્રથમ વખત એન ટી એ દ્વારા આયોજિત નીટનુ પેપર એકંદરે સરળ પુરવાર થયુ હતુ. પ્રશ્નપત્ર સંપુર્ણ પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓને મુંઝવણ થઈ ન હતી. જયારે ભૌતિકશાસ્ત્રમાં બે કે ત્રણ પ્રશ્નોની ગણતરી લાંબી રહી હતી. પરંતુ એકંદરે પેપર નિયત સમયગાળામાં પુર્ણ થઈ જાય તેમ હતુ. આ વખતના પેપરની ખાસ વાત એ હતી કે પેપરમાં ગુજરાતી પસંદ કરનારને સૌથી પહેલા સંપુર્ણ પેપર ગુજરાતીમાં અને ત્યારબાદ અંગ્રેજી અને હીન્દીમાં સામસામે હોય એ રીતનુ પુછાયેલુ છે. કેમેસ્ટ્રી અને બાયોલોજીનુ પેપર પણ એન સી ઈ આર ટી આધારિત હોઈ વિદ્યાર્થીઓમાં હાંશકારો અનુભવાયો છે. કોરોનાના કપરા સમયગાળામાં પણ નીટની પરીક્ષાના પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો છે. આકરી મહેનતના અંતે પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે.

### ચોમાસુ સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસદો, લોકસભા તથા રાજ્યસભાના કર્મચારીઓના ઈ્ઁઝઈ કોરોના ટેસ્ટ કરાવવા પડશે.

ચોમાસુ સત્રમાં વિપક્ષ અનેક મુદ્દે સરકારને ઘેરી શકે છે. ભારત-ચીન સરહદ વિવાદ, કોરોનાની સ્થિતિ, અર્થતંત્રની ડામાડોળ સ્થિતિ, લોકડાઉનમાં પ્રવાસી મજૂરોની સ્થિતિ અને ફેસબુકને લઈ શરૂ થયેલો તાજેતરનો વિવાદ સામેલ છે. આ તમામ મુદ્દા પર કોંગ્રેસ સહિત વિપક્ષ સરકારને ઘેરવાની રણનીતિ બનાવી રહ્યું છે. લોકડાઉન બાદ પ્રથમ વખત સંસદનું સત્ર યોજાઈ રહ્યું છે ત્યારે વિપક્ષ સરકાર પર પ્રહાર કરવાની વ્યૂહરચના બનાવી ચુક્યું છે.

૨૩ માર્ચે બજેટ સત્ર પૂરું થયા બાદ સરકારે ૧૧ અધ્યાદેશને મંજૂરી આપી છે. સરકારની પ્રથમ પ્રાથમિકતા તેમને બિલ તરીકે સંસદની મંજૂરી અપાવવાની છે.

સોમવારથી શરૂ થતા સંસદના ચોમાસુસત્રમાં સરકાર નવા ૨૩ ખરડા રજૂ કરશે જેમાં વટહુકમને બદલવા સહિતના ૧૧ ખરડાનો પણ સમાવેશ થાય છે. ૧૮ દિવસ લાંબા ચોમાસુસત્રમાં આરોગ્ય ક્ષેત્રના અધિકારી વિરુદ્ધની હિંસાને અંકુશમાં લેતાં પગલાં સંબંધિત વટહુકમ રજૂ કરવાની પણ સરકારની યોજના છે.

કોરોના સામે લડત આપી રહેલા આરોગ્યક્ષેત્રના લોકોની સતામણી કે આચરવામાં આવતી હિંસાને આ વટહુમક બિનજામીનપાત્ર ગુનો ગણાશે તેમ જ તે બદલ વધુમાં વધુ સાત વર્ષની જેલની સજા અને પાંચ લાખનો દંડ કરી શકાશે. પહેલી એપ્રિલ ૨૦૨૦થી એક વર્ષ માટે સાંસદોના પગારમાં ૩૦ ટકા ઘટાડા સંબંધિત વટહુકમમાં ફેરફાર કરતો ખરડો પણ લાવવામાં આવશે. આ રકમ કોરોનાની મહામારી વિરુદ્ધની લડત માટે વપરાશે.

### ટ્રાયલ ફરીથી શરૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રસીની ટ્રાયલના ત્રીજા તબક્કા દરમિયાન એક વોલન્ટિયરમાં ટ્રાંસવર્સ મેલિટીસની સ્થિતિ વિકસિત થઈ ગઈ હતી. જેથી કરોડરજ્જુમાં સોજો આવે છે જે ચેપને કારણે થઈ શકે છે. વિશ્વભરમાં આ ટ્રાયલમાં ૫૦ હજારથી વધુ લોકોએ ભાગ લીધો છે. હાલમાં જે રસી ચાલી રહી છે તે ટ્રાયલ પસાર કર્યા પછી, સલામતી અને અસરના ડેટાને મંજૂરી મેળવવા માટે કાર્ય કરવામાં આવશે. આ વેક્સીન વાયરલ વેક્ટર પર આધારિત છે. ટીમે એસએઆરએસ-સીઓવી-૨ના સ્પાઈક પ્રોટીન (જેની સાથે કોરોના વાયરસ સેલને ચેપ લગાવે છે)ને નબળા **adenovirus** (સામાન્ય શરદી પેદા કરનાર વાયરસ)માં ટ્રાન્સફર કર્યો હતો.

જ્યારે આ એડેનોવાયરસ મનુષ્યમાં ઈન્જેક્ટ કરવામાં આવ્યો ત્યારે, રોગપ્રતિકારક શક્તિએ પ્રોટીનને ઓળખીને પ્રતિક્રિયા આપી. પ્રથમ બે ક્લિનિકલ ટ્રાયલનાં પરિણામો એન્ટિબોડીઝ અને ટી-સેલ ઉત્પન્ન જોવા મળ્યા અને નાના-મોટા સાઈડ ઈફેક્ટ્સ પણ જોવા મળ્યા છે. ઓક્સફોર્ડ વૈજ્ઞાનિકો માત્ર રસી ઝરછર્ઁટ૧ હર્ઝફ-૧૯ની સંપૂર્ણ સફળતા અંગે ખાતરી આપી છે. એટલું જ નહીં, તેમણે ૮૦% સુધી વિશ્વાસ પણ છે કે રસી સપ્ટેમ્બર સુધીમાં મળી જશે. ઓક્સફર્ડ રસી એસ્ટ્રાઝેનેકા દ્વારા બનાવવામાં આવશે.

આ રસી **ChAdOx1** વાયરસથી બનેલી છે, જે સામાન્ય શરદી પેદા કરતા વાયરસનું નબળું સ્વરૂપ છે. તેને જેનેટિકલી બદલી દેવાઈ છે જેથી લોકોમાં ઈન્ફેક્શન ફેલાતું નથી. ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકા તરફથી કોરોના વાયરસ સામે વિકસિત રસી એઝેડ૧૨૨૨ની ટ્રાયલ ભારતમાં ફરી શરૂ થઈ શકે છે. વેક્સીન પ્રોજક્શન માટે એસ્ટ્રાઝેનેકાની ભાગીદાર ભારતીય કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ડ્રગ કંટ્રોલ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી મળતાં જ તેની ટ્રાયલ ફરીથી શરૂ કરવામાં આવશે. ખરેખર, એઝેડ૧૨૨૨ના ટ્રાયલ બાદ એક વોલન્ટિયરમાં ટ્રાંસવર્સ મેલિટીસની સ્થિતિ વિકસિત થઈ ગઈ હતી. જેના કારણે તેની ટ્રાયલ રોકી દેવામાં આવી હતી. જોકે, હવે તેની ટ્રાયલ ફરીથી શરૂ કરી દેવામાં આવી છે.